ઠરાવ નં.૧૩૫૬/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

ANAHITA.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૭૧ થી વિદિત થઈ, નવા પૂર્વ (સરથાણા) ઝોન, ટી.પી. સ્કીમ નં.૨૦, ટી.પી. સ્કીમ નં.૬૮, ટી.પી. સ્કીમ નં.૫૧ તથા નવા સમાવિષ્ટ થયેલ (કઠોદરા, લસકાણા, ખડસદ) ગામ વિસ્તારમાં જી. આઈ. ચેઈનલીંક ફેન્સીંગ, બાર્બેડ વાયર ફેન્સીંગ તથા કન્સરટેના કોઈલ ફેન્સીંગ કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર કુંજનકુમાર એચ. રામાણીનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૩૩,૬૬,૮૯૧–૬૦ થી ૧૩.૯૫% નીચુ એટલે કે રૂા.૨૮,૯૭,૨૧૦–૨૨ નું ટેન્ડર મંજુર કરવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૩૫૭/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

ANAHITA.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૭૨ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકા બ્રીજસેલ હસ્તક આવેલ શહેર વિસ્તારના જુદા જુદા બ્રીજો પર નામકરણના બોર્ડ, થર્મોપ્લાસ્ટીક પેઈન્ટ, કેટ આઈ, બોલાર્ડ, વિવિધ સાઈનેજીસ તથા તેના મરામતના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલીફાય થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર કન્સટ્રકશન મેઈન્ટેનન્સ કોર્પોરેશન (ઈન્ડિયા), અમદાવાદનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૬૨,૮૩,૯૯૫–૯૪ થી ૧૫.૦૮% નીચુ એટલે કે રૂા.૫૩,૩૬,૩૬૯–૩૫ નું ટેન્ડર, ટેન્ડરની શરતો અને સ્પેશીફીકેશનને આધિન કબુલ રાખવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૩૫૮/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

ANAHITA.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૭૭ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સ્થાયી સમિતિ ઠરાવ નં.૭૭૨/૨૦૨૦, તા.૧૬–૧૦–૨૦૨૦ મુજબ સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ખાતાઓ/ઝોન/ સીવીક સેન્ટરો, સ્મીમેર હોસ્પિટલ, મસ્કતિ ધર્માર્થ તથા જુદા જુદા હેલ્થ સેન્ટરોમાં ખાતાકીય/વહીવટી, આકારણી વેરા વસુલાત અને વ્યવસાય વેરો ઉઘરાવવાની વિગેરે કામગીરી માટે કોમ્પ્યુટર ઓપરેટરોના ઈજારદારો (૧) આકાર એચ.આર. મેનેજમેન્ટ પ્રા.લિ. તથા (૨) સુકાની એચ.આર. મેનેજમેન્ટ પ્રા.લિ.ની રજુઆતના સંદર્ભે દરખાસ્તમાં જણાવેલ વિગતે કરારીય ધોરણેના કોમ્પ્યુટર ઓપરેટરો ફાળવવાની કામગીરી કોમ્પ્યુટર ઓપરેટર દીઠ પ્રતિમાસ રૂા.૧૯,૩૦૦/– (જી.એસ.ટી. સિવાય) ના નવા ભાવથી અને ત્યારબાદ દર વર્ષે ૧૦% ના ભાવ વધારા આપવાની શરતે તા.૧–૧૧–૨૦૨૩ થી વધુ ૩(ત્રણ) વર્ષ સુધી સુપ્રત કરવાનું/લંબાવવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૩૫૯/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.     –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૭૪ થી વિદિત થઈ, સાઉથ ઈસ્ટ ઝોન, ટી.પી.સ્કીમ નં.૪૧ (ડીંડોલી), ૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ), ૬૯ (ગોડાદરા–ડીંડોલી) વિસ્તારમાં હયાત ડ્રેનેજ/સ્ટોર્મ ડ્રેનેજ લાઈન નાંખવા તથા મશીનહોલ/ઈનલેટ ચેમ્બર રીપેરીંગ કરવા, નવા બનાવવાના સીવીલ મેઈન્ટેનન્સ કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર દેવલ આર. હિંગરાજીયાનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૩૫,૧૬,૭૭૪–૭૬ થી ૨.૦૭% નીચુ એટલે કે રૂા.૩૪,૪૩,૯૭૭–૫૨ નું બિનશરતી ટેન્ડર વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૩૬૦/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

ANAHITA.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૭૫ થી વિદિત થઈ, સાઉથ ઈસ્ટ ઝોન, ટી.પી.સ્કીમ નં.૩૩, ૩૫, ૧૯, ૩૯, ૪૦ અને કુંભારીયા વિસ્તારમાં આવેલ વિવિધ સુરત મહાનગરપાલિકા હસ્તકની મિલકતોમાં બારી–દરવાજાની રીપેરીંગ/મરામત કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર મુકેશકુમાર બદ્રીપ્રસાદ વિશ્વકર્માનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૮,૧૭,૯૨૭–૫૦ થી ૩૩.૪૧% નીચુ એટલે કે રૂા.૩૨,૦૮,૨૫૭–૯૨ નું બિનશરતી ટેન્ડર વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૩૬૧/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

ANAHITA.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૭૬ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, પશ્ચિમ ઝોન (રાંદેર), ટી.પી. સ્કીમ નં.૩૧ (અડાજણ), ફા.પ્લોટ નં.૧ માં નગર પ્રાથમિક શાળા ક્રમાંક ૧૫૦, ૧૫૧ (હોડી ચકલા) ના નવી શાળાનું મકાન બનાવવાના કામના ઈજારદાર શ્રી હિતેશ પરસોત્તમભાઈ પટેલની દરખાસ્તમાં જણાવેલ રજુઆત યોગ્ય જણાયે સદર કામનું ટેન્ડર દફતરે કરી, મજકુર ઈજારદારને ફાઈનલ બીલનું ચુકવણું કરવાનું તેમજ સીકયોરીટી ડિપોઝીટ છુટી કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૩૬૨/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૭૮ થી વિદિત થઈ, સ્મીમેર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે કરારીય ધોરણે ઉપસ્થિત કરવામાં આવેલ બાયોમેડીકલ ઈજનેરની કુલ–૪ જગ્યાની મુદત તા.૩–૧૨–૨૦૨૩ ના રોજ પૂર્ણ થનાર હોય, સદર ૪ જગ્યા પૈકી ૧ જગ્યા પર નિમણુંક પામેલ બાયોમેડીકલ ઈજનેરની મુદત ૨(બે) દિવસનો બ્રેક આપ્યા બાદ તેમજ ખાલી રહેલ ૩ સહિત એકંદરે કુલ–૪ જગ્યાની મુદત તા.૬–૧૨–૨૦૨૩ થી વધુ ૧૧ માસ લંબાવવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

**ઠરાવ નં.૧૩૬૩/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૭૯ થી વિદિત થઈ, પૂર્વ ઝોન–બી માં સમાવિષ્ટ મોટા વરાછા ખાતે આવેલ સવજી કોરાટ બ્રીજથી મોટા વરાછા જળ વિતરણ મથક સુધી ૬૦૦ મી.મી. વ્યાસની ડી.આઈ.સી.એલ. પાણી પુરવઠાની નળીકા નાંખવાના મજુરી કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર દિનેશકુમાર આર. મૌર્યા, સુરતનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૩૨,૫૫,૪૧૯–૨૧ થી ૧૪.૨૦% ઉંચુ એટલે કે રૂા.૩૭,૧૭,૬૮૮–૭૪ નું ટેન્ડર, ટેન્ડરની શરતો અને સ્પેશીફીકેશનને આધિન વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૩૬૪/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

ANAHITA.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સ્થાયી સમિતિ, મ્યુ.ક.શ્રીનો પત્ર નં.સી.સ્થા.સ./૫૮૦,

એજન્ડા કામ નં.૩૦. તા.૨૮–૮–૨૦૨૩.

* * * * * *

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

" આ કામ વધુ વિચારણા માટે મુલતવી રાખવાનું ઠરાવવામાં આવે છે. "

ઠરાવ નં.૧૩૬૫/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

પ્રો.રા.સ્થાયી સમિતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૮૧ થી વિદિત થઈ, સાઉથ ઈસ્ટ ઝોનમાં આવેલ ૨૪.૦ મી. અને તેથી વધુ પહોળાઈ ધરાવતા રસ્તાઓને ઈજારદારના સુરત સીટીની હદમાં આવેલ પોતાના બેચ મીક્ષ ટાઈપ હોટ મીક્ષ પ્લાન્ટ અને ડબલ્યુ.એમ.એમ. પ્લાન્ટથી સેન્સર પેવર ફીનીશર વડે સબગ્રેડથી બાઈન્ડર/વેરીંગ કોર્સ સુધીના રસ્તાઓ ફુટપાથ, ડીવાઈડર, વોટર ટેબલ અને રોડ માર્કીગ, રોડ સ્ટડ અને રોડ સાઈનેજીસ તથા અન્ય ટ્રાફિક સુરક્ષા સહિત બનાવવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર ભવાની કન્સ્ટ્રકશન કું.ને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧૫,૫૫,૧૨,૮૮૧–૭૨ થી ૨૭% ઉંચા ભાવે એટલે કે રૂા.૧૯,૭૫,૦૧,૩૫૯–૭૮ ના ખર્ચે ઉકત કામ સોંપવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૩૬૬/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૯–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૮૬ થી વિદિત થઈ, સુરત શહેરને હડકવા મુકત બનાવવા એનીમલ બર્થ કંટ્રોલ (ડોગ) અને રખડતા કુતરાઓમાં ખસીકરણ–રસીકરણની કામગીરી માટે Selection of Service Provider for Carrying out Sterilization and immunization of Stray Dogs in Areas/Localities of any or Municipal Zones under the Jurisdiction of Surat Municipal Corporation, Surat for period of one year from the date of commencement of the actual work, which may likely to be extended further by period of one year ના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર Yash Domestic Research Center પાસે ૩૦,૦૦૦ રખડતા ડોગમાં ABC & ARV ની કામગીરી નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિગતે રૂા.૧૧૯૦/– પ્રતિ ડોગના ભાવથી ટેન્ડરની શરતો અને બોલીઓને આધિન કરાવવાનું તથા સદર ભાવને આગામી ૨(બે) વર્ષ માટે યુનિટ રેઈટ તરીકે મંજુર કરવાનું તથા ભવિષ્યમાં વધુ ડોગમાં ABC & ARV ની કામગીરી માટે ઉપરોકત મંજુર થયેલ યુનિટ રેઈટથી અથવા તેના કરતા ઓછા યુનિટ રેઈટથી આ પ્રકારની કામગીરી કરતી તેમજ ટેન્ડરની શરતોને આધિન લાયકાત ધરાવતી અન્ય એજન્સી જો સંમતિ દર્શાવે તો તેઓ પાસે સદર કામગીરી કરાવવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

૨...

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

## પરિશિષ્ટ

| અ.નં. | કામની વિગત સ્પેશિફિકશન સહિત | ડોગ્સની અંદાજિત સંખ્યા | કામ પુર્ણ કરવાની સમયમર્યાદા |
|---|---|---|---|
| ૧ | Picking up of the stray dogs, keeping them in the SMC provided dog shelter/kennels, surgical sterilization and anti-rabies immunization, post-operative care and release of stray dogs in the same area i.e all components of the process of ABC & ARV with their own infrastructure and with the help of their own staff, dog catching vehicle etc., and bearing cost of the medicine, anti rabies vaccine, disinfection, wages of the staff except infrastructure like kennel and operation theatre and their routine maintenance. | ૩૦,૦૦૦ નંગ | સ્થળ ઉપર કામગીરી શરૂ કર્યાની તારીખથી બે વર્ષ માટે |

**ઠરાવ નં.૧૩૬૭/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

## સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

## રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૯–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૮૭ થી વિદિત થઈ, પાલ, ભાઠેના, બમરોલી અને કોસાડ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ્સમાં ઉપલબ્ધ પ્રિમાઈસીસ ખાતે ૨૦ ફૂટ × ૧૫ ફૂટ ફાળવેલ જગ્યા પર સફળ ઈજારદારે પોતે સ્વખર્ચે મેડીકલ સ્ટોરનું બાંધકામ કરી જેનેરીક અને નોન–જેનેરીક દવા/ઈન્જેકશનો પૂરા પાડી ભાડેથી ચલાવવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ આ કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) આ કામે વધુ ભાડાની ઓફર આપનાર ટેન્ડરર કુંજન એજન્સીસ, સુરતને રૂા.૭૨,૦૦૯/– લાગુ પડતા GST રૂા.૧૨,૯૬૧–૬૨ ઉમેરતા માસિક રૂા.૮૪,૯૭૦–૬૨ ના ખર્ચે, તેઓએ તેમના તા.૨૫–૮–૨૦૨૩ ના પત્રથી ડે.કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ને ઉદ્દેશીને આપેલ સંમતિ તેમજ ટેન્ડરની શરતોને આધિન કુલ–૭(સાત) વર્ષ માટે ઉપરોકત હેલ્થ સેન્ટરોમાં મેડીકલ સ્ટોર બાંધકામ કરી ભાડેથી ચલાવવા માટે સોંપવાનું તથા તેઓ સાથે ભાડા કરાર કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું તેમજ પ્રથમ વર્ષના અંતે, સફળ ઈજારદારે કુલ–૭(સાત) વર્ષ સુધી દર વર્ષની શરૂઆતથી આગલા વર્ષની માસિક ભાડાની રકમમાં ૧૦% નો વધારો મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨) ટેન્ડર શરત મુજબ જો ૭(સાત) વર્ષ દરમ્યાન કામગીરી સંતોષકારક જણાય તો વધુ ૩(ત્રણ) વર્ષ માટે મુદત લંબાવવાનું અને તે દરમ્યાન પણ પ્રતિ વર્ષે મુળ ભાડામાં (સાતમા વર્ષના અંતના માસિક ભાડામાં) ૧૦% નો વધારો લઈ ભાડેથી સોંપવાનું ઠરાવવામાં આવે છે.

(૩) ટેન્ડરની અન્ય શરતોને આધિન જે તે સમયે પ્રવર્તમાન લાગુ પડતા સરકારી/અર્ધસરકારી વેરા અલગથી ચુકવવા પાત્ર રહેશે.

**ઠરાવ નં.૧૩૬૮/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૮૪ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ માટે GSM સીમકાર્ડની સર્વિસ Reliance Jio Infocomm Limited તેમજ વિવિધ ઝોન/વિભાગો/કચેરીઓ માટેના ડેટાકાર્ડ/FWP/FCT/EPABX System/ટોલ ફ્રી નંબરની સર્વિસ વોડાફોન આઈડીયા લિ. પાસેથી મેળવવાના કામે પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રી/અધિકારીશ્રી/કર્મચારીઓ માટે ફાળવવામાં આવેલ સીમકાર્ડ તથા FWP/FCT/EPABX System/TFS નંબરોના સીમકાર્ડ એટલે કે, તમામ સીમકાર્ડની સર્વિસ સુરત મહાનગરપાલિકાના પ્રવર્તમાન સર્વિસ પ્રોવાઈડર વોડાફોન આઈડીયા લિ. એ તેમના તા.૨૭–૬–૨૦૨૩ ના પત્રથી ઓફર કરેલ ભાવો અને શરતોને આધિન ૧ વર્ષ માટે ઉકત કામ સોંપવાનું અને ત્યારબાદ તેની સર્વિસનો રીવ્યુ કરી વધુ ૧ વર્ષ માટે સોંપવા તથા સુરત મહાનગરપાલિકાની જરૂરીયાત મુજબ GSM Simcard/Data card/TFS સર્વિસમાં વધારો ઘટાડો કરવા તથા ટેરીફ પ્લાનમાં સુધારો વધારો કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૩૬૯/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"
FOR INFORMATION PURPOSE

## સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૮૫ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકા ખાતે ચીફ સેનેટરી ઈન્સ્પેકટર કેડરની લાયકાતમાં નીચે પત્રકમાં જણાવેલ વિગતે સુધારો કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

**પત્રક**

| | |
|---|---|
| **હોદ્દો** | **(૪૩૬)ચીફ સેનેટરી ઈન્સ્પેકટર** |
| **લાયકાત** | એસ.એસ.સી. અગર તેની સમકક્ષ પરીક્ષા પાસ તથા એસ.આઈ. પરીક્ષા તથા તે પાસ કર્યા બાદ ઓછામાં ઓછી આરોગ્ય નિરીક્ષક કેડરની જગ્યા પરનો ૦૭ વર્ષની કામગીરીનો અનુભવ. |
| **વયમર્યાદા** | – |
| **પગારધોરણ** | રૂા.૬૫૦૦–૧૦૫૦૦/– (પે બેન્ડ : ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે : ૪૬૦૦) (પે મેટ્રીક્ષ : ૪૪૯૦૦–૧૪૨૪૦૦) |
| **ભરતીનો પ્રકાર** | ૧૦૦% બઢતી. |

**ઠરાવ નં.૧૩૭૦/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.  –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

**સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

******

**મ્યુ.કમિશનરશ્રીના તા.૧૯–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૫૧ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકા ખાતે મહેકમ શિડયુલ મુજબ ડ્રાઈવરોની કુલ–૩૬૫ ખાલી જગ્યાઓ પૈકી હાલ કુલ–૧૦૦ ડ્રાઈવરોની જગ્યા આઉટસોર્સથી ભરવાના કામે GEM પોર્ટલ ઉપર બીડ કરતા નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૧૧૮ બીડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૨ બીડરો પૈકી GEM પોર્ટલ પર ટેન્ડરની નાણાંકીય બીડની શરત મુજબ બંને બીડરોની ઉપસ્થિતિમાં GEM પોર્ટલ પર લોટરી સિસ્ટમથી ડ્રો કરતા ઓનલાઈન સિલેકટ થયેલ બીડર ગુજરાત ઈન્ટેલીજન્સ સીકયુરીટી સર્વિસીસને ઉકત કામગીરી વાર્ષિક રૂા.૨,૫૮,૭૨,૨૨૫–૨૯ ના ખર્ચે ગુજરાત સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી થયેલ લઘુત્તમ વેતનદર અને અન્ય ભથ્થાઓ મુજબ ૩.૮૫ ટકાના સર્વિસ ચાર્જના દરે હાલ ૧(એક) વર્ષ માટે સોંપવાનું તેમજ સદર કામગીરી સંતોષકારક જણાય તો વધુ ૨(બે) વર્ષ માટે લંબાવવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.**

**ઠરાવ નં.૧૩૭૧/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

---

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

**સહી/–**
**ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,**
**સુરત મહાનગરપાલિકા**
**તા.    –૯–૨૦૨૩.**

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૮–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૧૯ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, આભવા–ઉભરાટને જોડતા સુચિત બ્રીજના સુરત તરફેના પ્રવેશમાર્ગ માટે મોજે આભવા તથા મોજે ખજોદ વિસ્તારમાં સમાવિષ્ટ હયાત રસ્તા ઉપર ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ ની કલમ–૨૧૦(૧)(બ) ની જોગવાઈઓ હેઠળ ૯૦.૦૦ મીટર પહોળાઈની લાઈનદોરી નિયત કરવા બાબતે રસ્તારેખાથી અસર પામતી મિલ્કતોના મિલ્કતદારો/હિતસંબંધ ધરાવનાર/જાહેર જનતાના વાંધા/સુચનો/રજુઆત નિયત સમયમર્યાદા એક માસમાં મેળવવા માટે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો "ગુજરાત સમાચાર" તથા "દિવ્ય ભાસ્કર" માં તા.૧૦–૬–૨૦૨૩ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ, જે સંદર્ભે અસરકર્તા તરફથી કરવામાં આવેલ વાંધા/સુચનો/રજુઆતો તથા આભવા–ઉભરાટને જોડતા સુચિત બ્રીજ અન્વયે સુરત (આભવા) તરફના પ્રવેશ માર્ગ માટે ખજોદ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી (ખુડા) ધ્વારા વિકાસ નકશા–૨૦૩૯ માં સુચિત કરેલ ડી.પી. રસ્તા મુજબના ૯૦.૦૦ મીટર પહોળાઈના રસ્તાના વિકાસ માટે સુચિત લાઈનદોરીની આવશ્યકતા ધ્યાને લઈ, મોજે : આભવાના બ્લોક નં.૪૭૬/પૈકી, ૪૭૭/પૈકી, ૪૭૯/પૈકી, ૪૮૧/૧/પૈકી તથા મોજે : ખજોદના બ્લોક નં.૬૯/બ/પૈકી, ૭૦/પૈકી, ૭૧/પૈકી, ૭૩/પૈકી, ૭૪/અ/પૈકી, ૧૦૫/પૈકી, ૧૦૬/પૈકી, ૧૧૨/પૈકી, ૧૧૩/પૈકી, ૧૧૪/પૈકી, ૧૧૫/પૈકી વચ્ચેથી પસાર થતા હયાત રસ્તા ઉપર ફાઈલના પત્ર વ્યવહાર વિભાગના પાના નં.૫૨૧ ઉપર સામેલ નકશામાં ભૂરી સળંગ લીટીથી દર્શાવ્યા મુજબની ૯૦.૦૦ મીટર પહોળાઈની લાઈનદોરી ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ ની કલમ–૨૧૦(૧)(બ) હેઠળ નિયત કરવાનું તથા આ અંગે આનુસાંગિક તમામ કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૩૭૨/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.   –૯–૨૦૨૩.

HDP.

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

FOR INFORMATION PURPOSE

સ્થાયી સમિતિ, મ્યુ.ક.શ્રીનો પત્ર નં.સી.સ્થા.સ./૫૪૧,

એજન્ડા કામ નં.૩૮. તા.૧૭–૮–૨૦૨૩.

* * * * * *

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

'' આ કામ વધુ વિચારણા માટે મુલતવી રાખવાનું ઠરાવવામાં આવે છે. ''

ઠરાવ નં.૧૩૭૩/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

---

પ્રો.રા.સ્થાયી સમિતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૯–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૮૮ થી વિદિત થઈ, સાઉથ ઈસ્ટ ઝોન, ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૧ (પરવત–ગોડાદરા), ફા.પ્લોટ નં.૧૫૦/બી માં આવેલ ઉમિયાનગર સોસાયટીના રસ્તાઓને સિમેન્ટ કોક્રીટના બનાવવાના કામે સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૭૨૪/૨૦૨૨, તા.૨૦–૧૦–૨૦૨૨ થી મંજુર થયેલ યુનિટ રેઈટ, શરતો અને સ્પેશીફીકેશનને આધિન માન્ય થયેલ કુલ–૨૮ ઈજારદારો પૈકી ઈજારદાર નરોત્તમભાઈ બી. પટેલને ઉકત કામ અંદાજી રકમ રૂા.૮૪,૮૫,૮૯૧–૧૭ થી ૨૭% ઉચા ભાવે એટલે કે રૂા.૧,૦૭,૭૭,૦૮૧–૭૯ ના ખર્ચે સોંપવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૩૭૪/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

ANAHITA.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૯–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૯૧ થી વિદિત થઈ, પશ્ચિમ ઝોન વિસ્તારમાં આવેલ મોજે : જહાંગીરાબાદ, રે.સ.નં.–૨૦ માં આવેલ સત્તાધાર સોસાયટીના રસ્તાઓને સિમેન્ટ કોક્રીટના બનાવવાના કામે સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૭૨૪/૨૦૨૨, તા.૨૦–૧૦–૨૦૨૨ થી મંજુર થયેલ યુનિટ રેઈટ, શરતો અને સ્પેશીફીકેશનને આધિન માન્ય થયેલ કુલ–૨૮ ઈજારદારો પૈકી ઈજારદાર મારૂતિનંદન કન્સ્ટ્રકશન, રાજકોટને ઉકત કામ અંદાજી રકમ રૂા.૩૨,૫૩,૩૬૩–૫૦ થી ૨૭% ઉચા ભાવે એટલે કે રૂા.૪૧,૩૧,૭૭૧–૬૪ ના ખર્ચે સોંપવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૩૭૫/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૯–૨૦૨૩.

ANAHITA.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૯–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૮૯ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે અજમાયશી ધોરણે ફરજ બજાવતા નીચે પત્રકમાં જણાવેલ આસી.પ્રોફેસર–૭ ને તેમના નામ સામે જણાવેલ તારીખથી કાયમ કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

<u>પત્રક</u>

**(પગારધોરણ : પે બેન્ડ રૂા.૧૫૬૦૦–૩૯૧૦૦/– એકેડેમીક ગ્રેડ પે–૭૦૦૦/–)**

| અ.નં. | કર્મચારીનું નામ અને નંબર/ફેકલ્ટી | તારીખ |
|---|---|---|
| ૧ | ડો. તેજલકુમારી બાબુલાલ પાનેરિઆ<br>– ૩૭૫૯૧<br>– ઓપ્થેલ્મોલોજી | ૩૦–૪–૨૦૨૩ |
| ૨ | ડો. પ્રિન્સી રાજેશકુમાર દૂધવાલા<br>– ૩૭૫૮૩<br>– ઓબ્સ એન્ડ ગાયનેક | ૨૮–૨–૨૦૨૩ |
| ૩ | ડો. દિલીપકુમાર મણીલાલ કવા<br>– ૩૬૫૯૫<br>– બાયોકેમેસ્ટ્રી | ૨૯–૫–૨૦૨૩ |
| ૪ | ડો. નિરજ તરૂણચંદ્ર માસ્તર<br>– ૩૬૫૯૬<br>– એનાટોમી | ૨૪–૫–૨૦૨૩ |
| ૫ | ડો. જીજ્ઞાબેન રતીલાલ પટેલ<br>– ૩૭૫૬૫<br>– ઓપ્થેલ્મોલોજી | ૨૮–૧૧–૨૦૨૨ |
| ૬ | ડો. ટવીન્કલ નરેશચંદ્ર ગાંધી<br>– ૩૬૫૨૭<br>– માઈક્રોબાયોલોજી | ૨૮–૫–૨૦૨૩ |
| ૭ | ડો. જીગર હરેશભાઈ ઐયા<br>– ૩૭૪૩૦<br>– રેડીયોલોજી | ૨૮–૨–૨૦૨૩ |

ઠરાવ નં.૧૩૭૬/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.     –૯–૨૦૨૩.

ANAHITA.

FOR INFORMATION PURPOSE
"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

## સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

******

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૯–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૯૦ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, DAY-NULM યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં હાલ કાર્યરત અને ભવિષ્યમાં કાર્યરત થનાર આશ્રયસ્થાનોનું પોતાના સ્વભંડોળમાંથી સંચાલન અને વ્યવસ્થાપન કરવા માટે રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી દરખાસ્ત મંગાવવા અંગે નીચે જણાવેલ નીતિ નિયમો મંજુર કરવાનું તથા આ સંદર્ભે જરૂરી વહીવટી, નાણાંકીય કાર્યવાહી કરવા તથા પસંદગી થયેલ સંસ્થા સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ કાર્યરત તથા ભવિષ્યમા બનનાર શેલ્ટર ફોર અર્બન હોમલેસનુ સ્વભંડોળમાંથી સંચાલન અને વ્યવસ્થાપન કરવા માટે રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી દરખાસ્ત મંગાવવા માટેના નીતિ–નિયમ :–**

**૧. અરજી કોણ કરી શકે : સંસ્થાની લાયકાત**

૧.૧ સ્વૈચ્છિક સંસ્થાઓ જે સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ અને ટ્રસ્ટ એકટ અથવા રાજ્યના આ નોંધણી માટેના સમાન કાયદા હેઠળ નોંધાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ કે સમુદાયિક સંગઠનો/ખાનગી અને જાહેર ક્ષેત્રની કંપનીઓ/રેસિડેન્શિયલ વેલ્ફેર એસોસીએશન/નહેરૂ યુવા કેન્દ્ર/યુવા અને મહિલાઓના કોમ્યુનીટી બેઝ્ડ ગ્રુપો/યુનિવર્સીટી અને ઈન્સ્ટીટયુટ/અસંગઠિત કામદારોના યુનિયન/ટ્રેડ યુનિયન/સખી મંડળ તથા રાજ્ય સરકાર અથવા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ માન્ય સમિતિ/ઘરવિહોણા લોકો ધ્વારા સામુહિક સંચાલન વગેરે સામાજિક સંસ્થાઓ અરજી કરી શકશે.

૧.૨ ઉપરોકત પૈકી એકથી વધુ સંસ્થાઓ ભાગીદારીથી અરજી કરી શકે છે. સંસ્થાઓ આ કામગીરી માટે ભાગીદારી કરાર કરી રજુ કરવાનો રહેશે.

૧.૩ અરજી કરનાર સંસ્થા સરકારશ્રીના માન્ય વિભાગ હેઠળ અથવા પ્રવર્તમાન કાયદા અંતર્ગત નોંધાયેલ હોવી જોઈએ.

૧.૪ આ કામગીરી સંદર્ભે પસંદ થયેલ સંસ્થાએ જાતે કામગીરી કરવાની રહેશે. અન્ય સંસ્થાને પેટા કોન્ટ્રાકટ આપી શકાશે નહિ કે કોન્ટ્રાકટ ટ્રાન્સફર કરી શકાશે નહિ.

**૨. અરજી કરવાની પ્રક્રિયા :**

૨.૧ રસ ધરાવતી સંસ્થા ધ્વારા તેની કારોબારી કમિટી/સક્ષમ સત્તાની મંજુરી મેળવી અરજી કરવાની રહેશે.

૨...

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

૨.૨ સંસ્થાવતી મહાનગરપાલિકા સાથે કરાર, પત્ર વ્યવહાર, જરૂરી ડોકયુમેન્ટ્સ રજુ કરવા વિગેરે કામગીરી સંસ્થા ધ્વારા નિયમાનુસાર અધિકૃત કરેલ વ્યકિત ધ્વારા જ કરવાની રહેશે.

૨.૩ સંસ્થાએ જરૂરી પુરાવા સહિત નિયત અરજી ફોર્મમાં અરજી કરવાની રહેશે.

૨.૪ સંસ્થાએ સીલબંધ કવરમાં અરજી નિયત સરનામા પર નિયત તારીખ, સમય સુધીમાં રૂબરૂ/રજીસ્ટર્ડ પોસ્ટ મારફતે મોકલવાની રહેશે.

૨.૫ સંસ્થા ધ્વારા અરજી રજુ કર્યા બાદ તેમાં કોઈપણ જાતનો સુધારો/વધારો કરી શકાશે નહીં.

૨.૬ સંસ્થાએ એકજ અરજી કરવાની રહેશે. એકથી વધુ અરજીઓના સંદર્ભમાં પ્રથમ મળેલ અરજી માન્ય રહેશે બાકીની અરજીઓ રદ કરવામાં આવશે.

૨.૭ સંસ્થાએ અરજીમાં જે શેલ્ટર માટે અરજી કરેલ હોય તે સ્પષ્ટ જણાવવાનું રહેશે.

૨.૮ સંસ્થા એકથી વધુ શેલ્ટરનું સંચાલન કરવા માંગતા હોય તો અરજીમાં તમામ શેલ્ટરનો ઉલ્લેખ કરવાનો રહેશે.

## ૩. પસંદગી પ્રક્રિયા :

૩.૧ પસંદગી સમિતિની રચના :– સંસ્થાઓની પસંદગી માટે મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, મ્યુનિસિપલ કમિશનરશ્રી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (ડી), સીટી ઈજનેરશ્રી, ઝોનલ ચીફશ્રી (સબંધિત ઝોન), યુ.સી.ડી.વિભાગના વિભાગીય વડાશ્રી, પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલના વિભાગીય વડા તથા આરોગ્ય અધિકારી વિગેરેને સમાવી પસંદગી સમિતિની રચના કરવામાં આવશે.

૩.૨ આ કામગીરીમાં રસ ધરાવતી સંસ્થાઓ ધ્વારા મળેલ દરખાસ્ત સંદર્ભે નિર્ણય અર્થે રચાયેલ 'શેલ્ટર સંચાલન એજન્સી પસંદગી સમિતિ' નો સંસ્થાની પસંદગી અને શેલ્ટરની ફાળવણી અને તે અનુસંધાને કરેલ નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૩.૩ દરખાસ્ત કરનાર સંસ્થાઓ પૈકી પાત્ર સંસ્થાઓને સમિતિ સમક્ષ સંસ્થાની કામગીરી/આયોજન અંગેના પ્રેઝન્ટેશન માટે બોલાવવામાં આવશે.

૩.૪ દરખાસ્તના મુલ્યાંકન દરમ્યાન જરૂરિયાત જણાયે સુરત મહાનગરપાલિકા જે તે સંસ્થા પાસે દરખાસ્ત અનુસંધાને જરૂરી સ્પષ્ટતા લેખિતમાં માંગી શકશે. જે સંસ્થાએ મહાનગરપાલિકા ધ્વારા જણાવેલ સમયમર્યાદામાં લેખિતમાં રજુ કરવાની રહેશે. સંસ્થા ધ્વારા વિગત સમયમર્યાદામાં રજુ કરવામાં નહીં આવે તો જે તે વિગતનું અત્રેથી વિવેકબુદ્ધિના આધારે અર્થઘટન કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે તે સંસ્થાને બંધનકર્તા રહેશે.

૩.૫ શેલ્ટર સંચાલક સંસ્થાની પસંદગી સંદર્ભે સંસ્થાની નોંધણી, શેલ્ટર સંચાલન અથવા સમાજ કલ્યાણ સબંધિત કામગીરીનો અનુભવ, સંસ્થાના નાણાંકીય/બિનનાણાંકીય સ્ત્રોત/ક્ષમતા, શેલ્ટર સંચાલન સંદર્ભે સંસ્થાનું આયોજન વિગેરે માપદંડ ધ્યાને લેવામાં આવશે.

૩.૬ સંસ્થાઓ ધ્વારા રજુ કરવામાં આવેલ ડોકયુમેન્ટ્સ અને પ્રેઝન્ટેશનના આધારે 'શેલ્ટર સંચાલન એજન્સી પસંદગી સમિતિ' ધ્વારા પસંદ કરેલ સંસ્થાએ મેળવેલ ગુણના આધારે/સંસ્થાની ક્ષમતાના આધારે એક/એકથી વધારે શેલ્ટર સંચાલન માટે ફાળવવામાં આવશે.

૩...

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

૩.૭ EOI મારફતે પ્રાપ્ત થયેલ દરખાસ્ત અન્વયે આગળની કાર્યવાહી ન કરવા કે કોઈ એક કે તમામ દરખાસ્ત કોઈ કારણ જણાવ્યા વગર રદ કરવા અંગે સુરત મહાનગરપાલિકાનો અબાધિત અધિકાર રહેશે.

**૪. શેલ્ટર સંચાલન માટે પંસદ થયેલ સંસ્થાએ કરવાજોગ કામગીરી :**

૪.૧ શેલ્ટર સંચાલન માટે પસંદ થયેલ સંસ્થાએ યોજના અંતર્ગતની માર્ગદર્શિકા અન્વયેની જોગવાઈ તેમજ સરકારશ્રી તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા શેલ્ટર સંચાલન સબંધિત વખતોવખત આપવામાં આવતા સુચનો મુજબની કામગીરી કરવાની રહેશે.

**૫. કરારનો સમયગાળો**

૫.૧ પસંદ કરવામાં આવેલી સંસ્થાને શેલ્ટર સંચાલન અને વ્યવસ્થાપનની કામગીરી પ્રથમ ૧૨ મહિના માટે આપવામાં આવશે તથા સંસ્થાની કામગીરી સંતોષકારક જણાયે વાર્ષિક ધોરણે વધુ ૧૨ મહિના કરાર લંબાવાશે આમ કુલ ૧૦ વર્ષ સુધી વાર્ષિક ધોરણે કરાર લંબાવવામાં આવશે.

૫.૨ સુરત મહાનગરપાલિકાને જરૂર જણાયે અથવા સંસ્થા ધ્વારા નિયત કામગીરી યોગ્ય રીતે કરવામાં ન આવે તો સંસ્થા સાથે મહાનગરપાલિકા તાત્કાલિક કરારનો અંત લાવશે.

૫.૩ સંસ્થા ધ્વારા નિયત સમય પહેલા કરારનો અંત કરવા ૧૨૦ દિવસ પહેલા મહાનગરપાલિકાને લેખિતમાં જાણ કરવાની રહેશે.

**૬. મહાનગરપાલિકાના અધિકારો**

૬.૧ આ કામગીરી સંદર્ભે સુરત મહાનગરપાલિકા ધ્વારા શરતોમાં ફેરફાર, નવી શરતો દાખલ કરવી, શરતો રદ કરવી વિગેરે માટે અબાધિત અધિકાર રહેશે.

૬.૨ આ કામગીરીની દેખરેખ મહાનગરપાલિકાના કામગીરી સાથે સબંધિત વિભાગના અધિકારીઓ/કર્મચારી અથવા મહાનગરપાલિકા ધ્વારા આ કામગીરી માટે જવાબદારી સોંપેલ વ્યકિત/સંસ્થા ધ્વારા કરવામાં આવશે.

**૭. સંસ્થાની સ્ટાફ સંદર્ભેની જવાબદારી**

યોજનાની માર્ગદર્શિકા મુજબ શેલ્ટરના સંચાલન માટે નીચે મુજબનો સ્ટાફ તથા શેલ્ટરના સંચાલન સબંધિત તમામ કામગીરી અંગેનો ખર્ચ સંસ્થાએ પોતાના સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

સ્ટાફ –

- મેનેજર (ફૂલ ટાઈમ),
- આસી. મેનેજર,
- ૨૪ કલાક કેરટેકર (મહિલા કેરટેકરનો સમાવેશ કરવાનો રહેશે.),
- ૨૪ કલાક સિકયોરીટી,
- સફાઈ કર્મચારી

**૮. નાણાંકીય બાબત**

૮.૧ શેલ્ટરના સંચાલન અને વ્યવસ્થાપન માટે સંસ્થાને સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ/ભંડોળ પૂરું પાડવામાં આવશે નહીં.

૪...

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

૮.૨ સંચાલક સંસ્થાએ મહાનગરપાલિકા ધ્વારા જે શેલ્ટરની કામગીરી સોંપવામાં આવે તે શેલ્ટરની લાભાર્થીઓને સમાવવાની ક્ષમતા પ્રમાણે લાભાર્થીદીઠ રૂા.૫૦૦/– લેખે સિકયોરીટી ડીપોઝીટ વર્ક ઓર્ડર મળ્યાના દિન–૧૫ માં સુરત મહાનગરપાલિકાને જમા કરાવવાની રહેશે. ત્યારબાદ સીકયુરીટી ડીપોઝીટ ભરવામાં વિલંબ થયે પ્રતિદિન નિયત દર પ્રમાણે પેનલ્ટી વસુલવામાં આવશે.

૮.૩ સંસ્થાએ સુરત મહાનગરપાલિકા સાથે નિયમ મુજબના સ્ટેમ્પ પેપર પર સ્વખર્ચે કરાર કરવાનો રહેશે.

૮.૪ સંસ્થા ધ્વારા જમા કરાવવામાં આવેલી સિકયોરીટી ડીપોઝીટ કામગીરીના અંત સમયે નુકશાની/ખર્ચ માટેની વસુલ કરવાજોગ હોય તો તે રકમને બાદ કરી બચત રકમ અન્યથા પુરેપુરી રકમ સંસ્થાને પરત કરવામાં આવશે. સિકયોરીટી ડીપોઝીટ પેટે મહાનગરપાલિકા ખાતે જમા રહેલ રકમ પર સંસ્થાને વ્યાજ મળવાપાત્ર રહેશે નહિ.

૮.૫ શેલ્ટરના સંચાલન સબંધિત તમામ ખર્ચ જેમ કે – કર્મચારીઓનો પગાર, રેસ્કયુ ખર્ચ, લાઈટબીલ, ગેસ બીલ, લાભાર્થીઓને ભોજન તેમજ અન્ય ખર્ચાઓ સંસ્થાએ પોતાના સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

૮.૬ શેલ્ટર સંચાલનના સમયગાળા દરમ્યાનના સરકારી, અર્ધ સરકારી કે અન્ય સંસ્થાને ચુકવવાજોગ ઈલેકટ્રીક બીલ, ગેસ બીલ કે અન્ય ટેકસ ભરવાની જવાબદારી સંસ્થાની રહેશે. કામગીરીની મુદત પૂરી થયા બાદ આવુ બાકી લેણું નીકળતુ હશે તો સુરત મહાનગરપાલિકા સંસ્થા પાસેથી તેવુ લેણું વસુલ લેવા હકદાર રહેશે.

૮.૭ સંચાલન સબંધી ખર્ચ માટે સંસ્થા થયેલ/થનાર ખર્ચ માટે ડોનેશન મેળવી શકશે પરંતુ શેલ્ટરના સંચાલન સબંધિત વાસ્તવિક ખર્ચ કરતા વધુ ડોનેશન પ્રાપ્ત કર્યુ હશે તે સંજોગોમાં સંસ્થાએ શેલ્ટર સંચાલનની કામગીરી છોડયા/ મહાનગરપાલિકા ધ્વારા કામગીરીમાંથી મુકત કરવાના સંજોગોમાં વધારાના ડોનેશનની રકમ દિવસ ૩૦ માં સુરત મહાનગરપાલિકાને જમા કરાવવાની રહેશે.

૮.૮ આશ્રયસ્થાનનો ઉપયોગ સંસ્થા ધ્વારા વ્યવસાયિક હેતુ, અંગત લાભ અથવા આવક મેળવવા માટે કરી શકાશે નહિ.

૯. દંડ

૯.૧ સંસ્થા ધ્વારા શેલ્ટરના સંચાલન અને વ્યવસ્થાપન અનુસંધાને દરખાસ્તમાં જણાવેલ શરતો મુજબ કામગીરી ન થવા બદલ દરખાસ્તમાં જણાવ્યા મુજબ કરવામાં આવેલ દંડ/મિલકતને થયેલ નુકશાન કે અન્ય બાબત પેટે સુરત મહાનગરપાલિકા ધ્વારા વસુલાત કરવા જોગ રકમ સંસ્થાને જણાવ્યેથી દિન–૧૦ માં "સુરત મહાનગરપાલિકા" ના નામજોગ બેન્કર્સ ચેક અથવા ડી.ડી. મારફતે સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે.

## ૧૦. લાભાર્થીઓ પાસેથી ફી વસુલવા બાબત

૧૦.૧ સુરત મહાનગરપાલિકા ધ્વારા સુચના મળે તે પછી જણાવ્યા મુજબ સંચાલક સંસ્થા ધ્વારા લાભાર્થીઓ પાસેથી યોજનાની માર્ગદર્શિકા મુજબ ફી વસુલ કરવાની રહેશે તથા વસુલ કરેલી ફીની રકમ મહાનગરપાલિકાને જમા કરાવવાની રહેશે.

૫...

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

FOR INFORMATION PURPOSE

## ૧૧. કાયદાકીય પ્રક્રિયા (વિવાદના સંદર્ભમાં)

૧૧.૧ કોઈપણ વિવાદના સંદર્ભમાં સુરત મહાનગરપાલિકાના આ કામગીરી સાથે સંકળાયેલ સીનીયર અધિકારીશ્રીઓ તથા સંસ્થાના ટ્રસ્ટીઓ સાથે મળી ચર્ચા–વિચારણા કરી વિવાદનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે.

૧૧.૨ વિવાદના સંદર્ભમાં કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે.

૧૧.૩ કાયદાકીય પ્રક્રિયાનું જ્યુરીડીકશન ક્ષેત્ર સુરત શહેર રહેશે.

## ૧૨. કાયદાઓનું પાલન

૧૨.૧ કામગીરીના સંદર્ભમાં સરકારશ્રીના વર્તમાન તેમજ ભવિષ્યમાં લાગુ કરવામાં આવે તે તમામ કાયદાઓ, માર્ગદર્શિકાઓ, વટહુકમો, સૂચનાઓ વિગેરેનું પાલન સંચાલક સંસ્થા ધ્વારા કરવાનું રહેશે. આ કાયદા/નિયમના ઉલ્લંઘનના સંદર્ભમાં ઉભી થતી કાયદેસરની તમામ જવાબદારી સંસ્થાની રહેશે.

૧૨.૨ સંસ્થાએ શેલ્ટર સંચાલન સબંધી વિવિધ કામગીરી અંતર્ગત કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના લાગુ પડતા કાયદાઓ મુજબ જે કંઈ અન્ય લાયસન્સ/પરવાનગી/મંજુરી લેવાની થતી હોય તે સ્વખર્ચે સબંધિત ખાતાઓ/વિભાગોમાંથી મેળવવાની જવાબદારી સંસ્થાની રહેશે.

## ૧૩. અન્ય

૧૩.૧ સંસ્થા શેલ્ટર ખાતે સંસ્થાના નામનું બોર્ડ લગાવી શકશે પરંતુ બોર્ડના લખાણ/ડીઝાઈન સુરત મહાનગરપાલિકાના જવાબદાર અધિકારી પાસે મંજુર કરાવી તેઓ ધ્વારા સૂચવેલ જગ્યા ખાતે લગાવવાનું રહેશે.

**ઠરાવ નં.૧૩૭૭/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૯–૨૦૨૩.

HDP.

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૯–૨૦૨૩ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૯–૮–૨૦૨૩ ના પત્ર નં.સી.સ્થા.સ./૫૯૨ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકા ખાતે વર્ગ–૩ અને વર્ગ–૪ ની કેડરોની તમામ જગ્યાઓ માટે નીચે પત્રક–અ અને પત્રક–બ માં દર્શાવ્યા મુજબનો સુધારો કરવા તથા નીચે જણાવેલ વિનિયમો નિયત કરવા તેમજ નીચે જણાવેલ તમામ જોગવાઈઓના આખરી અર્થઘટન માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

(૧) સુરત મહાનગરપાલિકા ખાતે નિમણુંક પામતા તાલીમાર્થીઓના માસિક ઉચ્ચક તાલીમ ભથ્થામાં નીચે પત્રક–અ માં દર્શાવ્યા મુજબનો વધારો કરવા તથા સદર તાલીમ ભથ્થાની અસર સામાન્ય સભા ઠરાવ થયા બાદની પહેલી તારીખથી કરવા.

<u>પત્રક–અ</u>

| ક્રમ | પગારધોરણ | સામાન્ય સભા ઠરાવ નં.૧૮૮/૨૦૧૭ મુજબ નિયત કરવામાં આવેલ તાલીમ ભથ્થુ | સુધારો કરવા જોગ તાલીમ ભથ્થુ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રૂા.૬૫૦૦–૧૦૫૦૦/–<br>(પે બેન્ડ : ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે : ૪૬૦૦)<br>(પે મેટ્રીક્ષ : ૪૪૯૦૦–૧૪૨૪૦૦) | ૧૦૦૦૦/– પ્રથમ વર્ષે<br>૧૧૦૦૦/– બીજા વર્ષે<br>૧૨૦૦૦/– ત્રીજા વર્ષે | ૧૮,૫૦૦/– ફીકસ |
| ૨ | રૂા.૫૫૦૦–૯૦૦૦/–<br>(પે બેન્ડ : ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે : ૪૪૦૦)<br>(પે મેટ્રીક્ષ : ૩૯૯૦૦–૧૨૬૬૦૦) | ૧૦૦૦૦/– પ્રથમ વર્ષે<br>૧૧૦૦૦/– બીજા વર્ષે<br>૧૨૦૦૦/– ત્રીજા વર્ષે | ૧૮,૫૦૦/– ફીકસ |
| ૩ | રૂા.૫૦૦૦–૮૦૦૦/–<br>(પે બેન્ડ : ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે : ૪૨૦૦)<br>(પે મેટ્રીક્ષ : ૩૫૪૦૦–૧૧૨૪૦૦) | ૯૫૦૦/– પ્રથમ વર્ષે<br>૧૦૫૦૦/– બીજા વર્ષે<br>૧૧૫૦૦/– ત્રીજા વર્ષે | ૧૭,૫૦૦/– ફીકસ |
| ૪ | રૂા.૪૫૦૦–૭૦૦૦/–<br>(પે બેન્ડ : ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૨૮૦૦)<br>(પે મેટ્રીક્ષ : ૨૯૨૦૦–૯૨૩૦૦) | ૯૫૦૦/– પ્રથમ વર્ષે<br>૧૦૫૦૦/– બીજા વર્ષે<br>૧૧૫૦૦/– ત્રીજા વર્ષે | ૧૭,૫૦૦/– ફીકસ |
| ૫ | રૂા.૪૦૦૦–૬૦૦૦/–<br>(પે બેન્ડ : ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૨૪૦૦)<br>(પે મેટ્રીક્ષ : ૨૫૫૦૦–૮૧૧૦૦) | ૮૦૦૦/– પ્રથમ વર્ષે<br>૯૦૦૦/– બીજા વર્ષે<br>૧૦૦૦૦/– ત્રીજા વર્ષે | ૧૬,૫૦૦/– ફીકસ |
| ૬ | રૂા.૩૦૫૦–૪૫૯૦/–<br>(પે બેન્ડ : ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૧૯૦૦)<br>(પે મેટ્રીક્ષ : ૧૯૯૦૦–૬૩૨૦૦) | ૮૦૦૦/– પ્રથમ વર્ષે<br>૯૦૦૦/– બીજા વર્ષે<br>૧૦૦૦૦/– ત્રીજા વર્ષે | ૧૬,૫૦૦/– ફીકસ |
| ૭ | રૂા.૨૭૫૦–૪૪૦૦/–<br>(પે બેન્ડ : ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૧૮૦૦)<br>(પે મેટ્રીક્ષ : ૧૮૦૦૦–૫૬૯૦૦) | ૭૫૦૦/– પ્રથમ વર્ષે<br>૮૫૦૦/– બીજા વર્ષે<br>૯૫૦૦/– ત્રીજા વર્ષે | ૧૫,૫૦૦/– ફીકસ |

૨...

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"
FOR INFORMATION PURPOSE

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૮ | રૂા.૨૬૫૦–૪૦૦૦/–<br>(પે બેન્ડ : ૪૪૪૦–૭૪૪૦, ગ્રેડ પે : ૧૬૫૦)<br>(પે મેટ્રીક્ષ : ૧૫૭૦૦–૫૦૦૦૦) | ૭૫૦૦/– પ્રથમ વર્ષે<br>૮૫૦૦/– બીજા વર્ષે<br>૯૫૦૦/– ત્રીજા વર્ષે | ૧૫,૫૦૦/– ફીકસ |
| ૯ | રૂા.૨૫૫૦–૩૨૦૦/–<br>(પે બેન્ડ : ૪૪૪૦–૭૪૪૦, ગ્રેડ પે : ૧૩૦૦)<br>(પે મેટ્રીક્ષ : ૧૪૮૦૦–૪૭૧૦૦) | ૭૫૦૦/– પ્રથમ વર્ષે<br>૮૫૦૦/– બીજા વર્ષે<br>૯૫૦૦/– ત્રીજા વર્ષે | ૧૫,૫૦૦/– ફીકસ |

(૨) સુરત મહાનગરપાલિકા ખાતે નિયત કરવામાં આવેલ વિવિધ ઠરાવો અન્વયે નિયત કરવામાં આવેલ હાલના પ્રવર્તમાન ઠરાવના મુદ્દાઓમાં નીચે પત્રક–બ માં દર્શાવ્યા મુજબનો સુધારો કરવા.

**<u>પત્રક–બ</u>**

| સામાન્ય સભા ઠરાવ નં./તારીખ | હાલની પ્રવર્તમાન ઠરાવની વિગત | કરવા જોગ સુધારો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૫૮૯/૨૦૧૨<br>૩૦–૪–૨૦૧૨<br><br>શરત નં.૧૭ | તાલીમ સંતોષકારક પુર્ણ કર્યા બાદ એક વર્ષના પ્રોબેશનના સમય માટે નિમણુંક આપવામાં આવશે. આ જગ્યાએ હાજર થયા તારીખથી તેમની સેવા ગણતરીમાં લેવામાં આવશે અને તે સમયે મળવાપાત્ર પગાર ભથ્થા/સવલતો મળવાપાત્ર થશે, સુરત મહાનગરપાલિકાએ પ્રોબેશન નિમણુંક માટે મુકરર કરેલ તમામ ધારાધોરણ અને નિયમો લાગુ પડશે અને તેઓને માન્ય અને બંધનકર્તા રહેશે. | સુરત મહાનગરપાલિકા ખાતે વર્ગ–૩ અને ૪ ની કેડરમાં તાલીમાર્થી તરીકે નિમણુંક પામેલ કર્મચારી ત્રણ વર્ષ તાલીમાર્થી તરીકે સંતોષકારક ફરજ બજાવ્યેથી તેઓની કામગીરીનું મુલ્યાંકન કરી તેઓને સીધેસીધુ રેગ્યુલર પગારધોરણમાં કાયમી ધોરણે નિમણુંક આપવામાં આવશે. ઉપરાંત, હાલ સદર ઠરાવ થયા તારીખે વર્ગ–૩ અને ૪ ની કેડરમાં અજમાયશી ધોરણે ફરજ બજાવતા કર્મચારીઓના અજમાયશી સમયગાળો શરૂ થયા તારીખથી તેઓની નિમણુંકને કાયમી તરીકે ગણવાની રહેશે. વધુમાં, અજમાયશી સમયગાળાને અનુલક્ષીને નિયત કરવામાં આવેલ સામાન્ય સભા ઠરાવ નં.૨૧૩, તા.૧૮–૧૨–૧૯૮૦ માં દર્શાવેલ જોગવાઈઓ ફકત વર્ગ–૧ અને ૨ માટે જ માન્ય ગણવાની રહેશે. |

૩...

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૫૮૯/૨૦૧૨<br>૩૦–૪–૨૦૧૨<br><br>શરત નં.૧૮ | તાલીમના સમયને નોકરીના કે અન્ય હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે નહી, તેમજ આ સમય દરમ્યાનનો કોઈપણ પ્રકારનો તફાવત કે લાભો ચુકવવામાં આવશે નહીં. | તાલીમાર્થી તરીકે હાજર થયા તારીખથી તેઓના તાલીમ સમયગાળાને બઢતી, પ્રવર્તતા, ઉચ્ચતર પગારધોરણ તેમજ નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાનો રહેશે. પરંતુ અગાઉ તાલીમાર્થી તરીકે ફરજ બજાવેલ હોય તેવા તાલીમ સમયના તાલીમ ભથ્થાનો તફાવત કે અન્ય લાભો તેઓને ચુકવવાનો રહેશે નહી. એટલે કે કર્મચારીની નિમણૂંકની તારીખ તાલીમાર્થી તરીકે હાજર થયા તારીખથી ગણવામાં આવશે. વધુમાં, સુરત મહાનગરપાલિકા ખાતે વર્ગ–૩ અને ૪ ની જગ્યા પર નિમણુંક પામનાર કર્મચારીઓની તાલીમાર્થી તરીકે ફરજ પર હાજર થયા તારીખથી સીનીયોરીટી ગણવાની રહેશે. |
| ૫૮૯/૨૦૧૨<br>૩૦–૪–૨૦૧૨<br><br>શરત નં.૨૦ | જો કોઈ કર્મચારી/તાલીમાર્થી જે તે કેડરમાંથી અન્ય કેડરમાં તાલીમાર્થી તરીકે પસંદગી પામ્યા હોય તો તેઓએ જે તે કેડરમાં નવેસરથી ત્રણ વર્ષની તાલીમ લેવાની રહેશે. | જો કોઈ તાલીમાર્થી હાલની કેડરમાંથી અન્ય કેડરમાં સીધી ભરતીથી તાલીમાર્થી તરીકે પસંદગી પામ્યા હોય, તો તેઓની અગાઉની કેડરનો તાલીમાર્થી તરીકે અંત લાવી નવી પસંદગી પામેલ તાલીમાર્થી કેડરમાં નવેસરથી ત્રણ વર્ષની તાલીમ લેવાની રહેશે. પરંતુ અગાઉની કેડરનો તાલીમાર્થી ફરજ નોકરીના કોઈ પણ હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં તથા તેઓની નિમણૂંક તારીખ પણ અન્ય કેડરમાં નિમણૂંક પામ્યેથી હાજર થયા તારીખથી ગણવામાં આવશે. |
| ૫૮૯/૨૦૧૨<br>૩૦–૪–૨૦૧૨<br><br>શરત નં.૯ | તાલીમાર્થીને તાલીમ સમય દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા મળવાપાત્ર થશે અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહીં, ગેરહાજરીના દિવસનું તાલીમ ભથ્થુ મળવાપાત્ર રહેશે નહીં . | તાલીમાર્થીને તાલીમ સમય દરમ્યાન પ્રતિ વર્ષ ૧૨ પરચુરણ રજા મળવાપાત્ર થશે, તેમજ રજા/જાહેર તહેવારના દિવસોએ ફરજ બજાવેલ હશે તો વળતર રજા તથા ૨ મરજીયાત રજા મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજા (માંદગીની તથા પ્રસુતિની રજા સિવાય) મળવાપાત્ર થશે નહીં. ગેરહાજરીના દિવસનું તાલીમ ભથ્થુ મળવાપાત્ર રહેશે નહીં. |

૪...

FOR INFORMATION PURPOSE

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
